અરજી દાખલ કર્યા તારીખ :–૦૪/૧૧/૨૦૨૨
અરજી નોંધ્યા તારીખ :–૦૪/૧૧/૨૦૨૨
અરજી ફેંસલ કર્યા તારીખ :–૧૫/૧૧/૨૦૨૨
સમય ગાળો :– ૦૦ વર્ષ, ૦૦ માસ,૧૧ દિવસ.

**<u>ધ્રાંગધ્રાના મહેરબાન ત્રીજા એડીશનલ સેશન્સ જજ(જી.ડી.પાસી)સાહેબની કોર્ટમાં, મુકામ – ધ્રાંગધ્રા.</u>**

<u>ફોજદારી પરચુરણ અરજી નં.૪૦૫/૨૦૨૨</u>
આંક :–

અરજદાર ::– ૧. સુરુભા ઉર્ફે બીસ્કીટ જાલમસિંહ ઝાલા,
ઉ.વ. ૨૯, ધર્મેઃ– હિન્દુ ધંધોઃ–મજુરી,
રહે.કટોસણ તા. જોટાણા જી. મહેસાણા.

–:: **વિરુધ્ધ** ::–

સામાવાળા::– સરકારશ્રી

બાબતઃ– <u>સી.આર.પી.સી. કલમ –૪૩૯ અન્વયે રેગ્યુલર જામીન અરજી.</u>

અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી આઈ.કે. મલેક.
<u>શ્રી સરકાર તરફે વિ/વમા એ.પી.પી.શ્રી વી.એચ.ભટ્ટ.</u>

::–**ચુ કા દો** –::

**(૧)** આ કામના આરોપી સુરુભા ઉર્ફે બીસ્કીટ જાલમસિંહ ઝાલા નાઓની ઝીંઝુવાડા પોલીસ સ્ટેશન પ્રોહિ. ગુના રજી. નંબર ૧૧૨૧૧૦૧૪૨૨૦૦૭૮/૨૦૨૨ પ્રોહિબીશન એકટની કલમ ૬૫ (એ),(ઈ),૧૧૬(બી),૯૮(૨),૮૧મુજબના ગુનામાં ઘરપકડ તારીખ

૨૪/૦૮/૨૦૨૨ ના રોજ કરવામાં આવેલ છે અને આરોપીના રીમાન્ડ પુર્ણ થયા ત્યાર બાદ આરોપી એ ટ્રાયલ કોર્ટ સમક્ષ રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ જે રેગ્યુલર જામીન અરજી ગુણદોષ ઉપર નામંજુર કરી આરોપીને જયુડીશ્યલ કસ્ટડીમાં મોકલી આપેલ ત્યારથી આરોપી જયુડી. કસ્ટડીમાં ચાલી આવેલ છે. ત્યાર બાદ આરોપીએ અત્રેની કોર્ટમાં ફો.પ.અ.નં.૩૧૩/૨૦૨૨ થી રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલી જે પોલીસ તપાસ ચાલુ હોવાના કારણે નામંજુર થયેલી છે.ત્યારબાદ આરોપી સામેના ગુનાની તપાસ પુર્ણ કરી તપાસ કરનાર પોલીસ અમલદારે ચાર્જશીટ ફો.કે.નં.૧૧૫૦/૨૦૨૨ થી રજુ કરી દીધેલ છે જેથી ચાર્જશીટ બાદ બદલાયેલા સંજોગોમાં આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૪૩૯ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત થવા હાલની જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) આરોપીની રેગ્યુલર જામીન અરજી અન્વયે સામાવાળા/ફરીયાદીને સમન્સ કરતા વિધ્વાન એ.પી.પી.શ્રી વી.એચ. ભટ્ટ હાજર થયેલ છે અને આ કેસની તપાસ કરનાર પોલીસ અમલદારની એફિડેવીટ આંક– ૦૫ થી રજુ કરી આરોપીની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવા માગણી કરેલ છે.

(૩) આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી આઈ.કે.મલેકની તથા ફરીયાદપક્ષે વિધ્વાન એ. પી. પી.શ્રી વી.એચ, ભટ્ટની દલીલો સાંભળવામાં આવી.

(૪) આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રી આઈ.કે.મલેક ધ્વારા એવી દલીલ કરવામાં આવી છે કે, હાલના આરોપીએ આક્ષેપિત ગુનામાં પ્રત્યક્ષ કે, પરોક્ષ રીતે કોઈ ભાગ ભજવેલ નથી કે ગુનામાં કોઈ મદદગારી કરેલી નથી. આરોપીએ ચાર્જશીટ અગાઉ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા જામીન અરજી કરેલ જે તપાસ ચાલુ હોવાના કારણે ગુણદોષ ઉપર નામંજુર કરેલી પરંતુ હાલ આરોપી સામેના ગુનાની પોલીસ તપાસ

પુર્ણ કરી તપાસ કરનાર પોલીસ અમલદારે સક્ષમ અદાલતમાં ચાર્જશીટ રજુ કરી દીધેલ છે, જેથી ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેડા થવાની શકયતા રહેતી નથી. વધુમાં આરોપીના વિ.વ.શ્રી આઈ.કે.મલેક ધ્વારા એવી દલીલ કરવામાં આવેલી છે કે, પોલીસ રેઈડ કરી જે જગ્યાએથી પ્રોહીબેશનનો મુદ્દામાલ તેમજ વાહન કબજે કરેલ છે તે પ્રાહીબીશન નો મુદ્દામાલ કે વાહન કે, જગ્યા આરોપીની માલીકી કે કબજા ભોગવટાની નથી,તેમજ આરોપી સામેનો કેસ ચાલતા ધણો લાંબાં સમય જાય તેમ છે જો આરોપીને રેગ્યુલર જામીન મુકત ન કરવામાં આવે તો પ્રિ–ટ્રાયલ પનીસમેન્ટ થાય તેમ છે. વધુમાં આરોપી ના વિ.વ.શ્રી આઈ.કે.મલેક ધ્વારા એવી દલીલ કરવામાં આવેલી છે કે, જો આરોપીને રેગ્યુલર જામીન મુકત કરવામાં આવશે તો ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરશે નહી. વધુમાં આરોપીના વિ.વ.શ્રી આઈ.કે.મલેક ધ્વારા એવી દલીલ કરવામાં આવેલી છે કે, આરોપી કોઈ ગુનાહીત ભુતકાળ ધરાવતા નથી,આરોપી તેમના ઘરના એક માત્ર કમાનાર સભ્ય છે, એવા સંજોગોમાં જો આરોપીને લાંબા સમય સુધી જયુડીશ્યલ કસ્ટડીમાં રાખવામાં આવે તો આરોપીના કુટુંબને આર્થિક હાલાકી ભોગવવી પડે તેમ છે જેથી આરોપીને યોગ્ય શરતોને આધિન રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા જોઈએ.

**(૫)** ફરીયાદપક્ષે વિ. એ.પી.પી.શ્રી વી.એચ. ભટ્ટ ધ્વારા એવી દલીલ કરવામાં આવી છે કે,પોલીસે અગાઉથી મળેલ બાતમીને આધારે રેઈડ કરતા પોલીસે બનાવવાળી જગ્યાએ થી પ્રોહિબીશનનો રૂા.૮.૧૯,૭૦૦/– મુદ્દામાલ તથા ટાટા ૪૦૭ ગાડી કિ.રૂા. ૩,૦૦,૦૦૦ તેમજ હીરોહોન્ડા મો.સા કિ.૨૫,૦૦૦/–તથા બ્રેઝા ગાડી નં. જીજે ૩૮ બીબી ૫૫૧૮ મળી કુલ રૂા.૧૧,૪૪,૭૦૦/–નો મુદ્દામાલ કબજે કરેલો છે અને આરોપી અંધારાનો લાભ લઈ નાશી ગયેલા છે. આમ હાલના આરોપીએ અન્ય સહ આરોપી ઓની મદદગારીમાં ખુબજ મોટા જથ્થામાં ઈગ્લીશ દારુ વેચાણ અર્થે મંગાવી કટોસણ ગામેથી પ્રોહીબીશનનો મુદ્દામાલ લેવા આવેલ છે અને સહ આરોપીઓની મદદગારીમાં

આંતર રાજય હેરફેર કરતા હોવાનુ જણાય છે. આરોપી સામેના ગુનાની પોલીસ તપાસ પુર્ણ થઈ ચાર્જશીટ રજુ થવાથી આરોપી સામેના ગુનામાં ઘટાડો થતો નથી ઉલ્ટા નો આરોપી સામેનો કેસ મજબુત બને છે જેથી આરોપી સામેના ગુનાનુ ચાર્જશીટ થવાના એક માત્ર કારણથી આરોપીને રેગ્યુલર જામીન મુકત કરી શકાય નહી તેમજ જો આરોપી ને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવામાં આવે તો આરોપી ફરીથી ગુનાહીત પ્રવૃતિ કરે તેમ છે તેમજ આરોપી સામેનો ગુનો સમાજ વિરોધી ગુનો હોવાથી આરોપીની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવી જોઈએ.

**(૬)** બંને પક્ષકારોના વિધ્વાન વકીલશ્રીઓની રેકર્ડ ઉપર થયેલ દલીલો તથા આ કેસની તપાસ કરનાર પોલીસ અમલદારની આંક–૦૬ની એફિડેવીટ તથા અન્ય પોલીસ પેપર્સની વિગતો વંચાણે લીધી. હવે એ હકીકત ર્નિવિવાદ છે કે આ કામે આરોપીએ અગાઉની જામીન અરજી અત્રેની કોર્ટ ધ્વારા નામાંજુર કરવામાં આવી ત્યારે પોલીસ તપાસ ચાલુ હતી પરંતુ ત્યાર બાદ આરોપી સામેના ગુનાની તપાસ પુર્ણ થયેલ છે અને પોલીસે ટ્રાયલ કોર્ટ સમક્ષ તા. ૦૧/૧૧/૨૦૨૨ ના રોજ ફો.કે.નં. ૧૧૫૦/૨૦૨૨ થી ચાર્જશીટ રજુ કરી દીધેલ છે તેવા સંજોગોમાં ચાર્જશીટ રજુ થયા બાદ આરોપીએ બદલાયેલા સંજોગોમાં હાલની જામીન અરજી કરેલ છે અને આરોપીને ચાર્જશીટ રજુ થયા બાદ આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો પુરાવા સાથે ચેડા થવાની શકયતા રહેતી નથી તેવી આરોપીના વિ.વ.શ્રી આઈ.કે. મલેકની દલીલ ગ્રાહય રાખવા પાત્ર જણાય છે.

**(૭)** વધુમા આરોપીના વિ.વ.શ્રી આઈ.કે. મલેકે એવી પણ દલીલ કરેલી છે કે આ કામે આરોપી સામેના ગુનાની ટ્રાયલ ચાલવામાં ઘણો લાંબો સમય લાગે તેમ છે અને આરોપી તેમના ઘરના એક માત્ર કમાનાર સભ્ય છે તેવા સંજોગોમાં આરોપીને લાંબા સમય સુધી જયુડી. કસ્ટડીમાં રાખવામાં આવે તો આરોપીના કુટુંબને આર્થીક હાલાકી ભોગગવી પડે તેમજ આરોપીને પ્રિ–ટ્રાયલ પનીસમેન્ટ થાય તેમ હોવાનુ

આરોપીના વિ.વ.શ્રી આઈ.કે. મલેકની દલીલ વજુદવાળી હોવાનુ જણાય છે.

**(૮)** ફરીયાદપક્ષે વિ. એ.પી.પી.શ્રી વી.એચ. ભટ્ટે એવી દલીલ કરેલી છે કે,આરોપી સામે પ્રોહિબીશનનો સમાજ વિરોધી ગુનો છે અને પોલીસે મોટા જથ્થામાં વિદેશી દારુ કબજે કરેલ છે જેથી આરોપી ઈગ્લીશ દારુની મોટા પાયે હેરફેર કરતા હોઈ આરોપીને સહેલાઈથી રેગ્યુલર જામીન ઉપર મુકત કરવામાં આવે તો આરોપી ફરીથી ગુનાહીત વૃતિનુ પુનરાવર્તન કરે તેવી શકયતા હોવાની તેમજ સમાજમાં તેની દુરોગામી અસર પડે તેમ છે, પરંતુ આરોપીને પ્રોહીબીશનના ગુના અંગે કોઈપણ સક્ષમ અદાલત ધ્વારા તકસીરવાર ઠરાવવામાં આવેલ નથી તેવા સંજોગોમાં આરોપીને ટ્રાયલ ચાલતા દરમ્યાન અનિશ્ચિત મુદત સુધી જયુડી. કસ્ટડીમાં રાખી શકાય નહી જેથી વિ. એ.પી.પી.શ્રી વી.એચ. ભટ્ટની આરોપીની જામીન અરજી નામંજુર કરવાની દલીલ માનવા લાયક જણાતી નથી.

**(૯)** આમ ઉપર મુજબની સમગ્ર ચર્ચાએ આ કામે આરોપી સામેનો આક્ષેપિત ગુનો ગુનો તથા સદર ગુનામાં સજાની જોગવાઈ તથા રેકર્ડ ઉપર રજુ થયેલ દસ્તાવેજી પુરાવાની વિગતો લક્ષમાં લઈ આરોપીને ક્રિ. પ્રો.કો.ક.૪૩૯ અન્વયે મળેલ વિવેકાધિન સત્તાનો ઉપયોગ કરી આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાના નિર્ણય ઉપર આવી હું નીચે મુજબનો હુકમ કરુ છુ.

// હુ ક મ //

**૧.** આરોપીની રેગ્યુલર જામીન અરજી આથી મંજુર કરવામાં આવે છે.

**૨.** આ કામ આરોપી સુરુભા ઉર્ફે બીસ્કીટ જાલમસિંહ ઝાલા, રહે.કટોસણ તા. જોટાણા જી. મહેસાણા નાઓને ઝીઝુવાડા પોલીસ સ્ટેશન પ્રોહિ. ગુના રજી. નંબર ૧૧૨૧૧૦૧

૪૨૨૦૦૭૮/૨૦૨૨ પ્રોહિબીશન એકટની કલમ ૬૫ (એ),(ઈ),૧૧૬(બી),૯૮(૨),૮૧ મુજબના ગુનામાં આરોપીને રૂા. ૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જામીન તથા તેટલીજ રકમના જાત મુચરકો રજુ કર્યેથી તેમજ આરોપીએ રૂા. ૨૫,૦૦૦/– ( અંકે રૂા. પચ્ચીસ હજાર પુરા ) રોકડા જામીન પેટે ડીપોઝીટ કરેથી નીચેની શરતોએ આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતોઃ–**

**૧.** આરોપીએ પોલીસને તપાસમાં સાથ અને સહકાર આપવાનો રહેશે અને પોલીસ તપાસ અર્થે લેખિત જાણ કરીને બોલાવે ત્યારે આરોપીએ પોલીસ સમક્ષ અચુક પણે હાજર થવાનુ રહેશે.

૨. આરોપીએ ફરીયાદપક્ષના સાક્ષી પુરાવા સાથે કોઈપણ રીતે ચેડા કરવા નહી કે સાહેદોને ધાક ધમકી આપવી નહી કે આવા પ્રકારના ગુનાનુ પુનરાવર્તન કરવુ નહી.

૩. આરોપીએ ટ્રાયલ દરમ્યાન સંબંધીત અદાલત સમક્ષ નિયમિત હાજર રહેવાનુ રહેશે.

૪. આરોપીએ સંબંધીત અદાલતની પુર્વ પરવાનગી વગર ભારત દેશની હદ છોડવી નહી.

૫. આરોપીએ જામીન ઉપર મુકત થવા બાદ દિન ૭માં પોતાના કાયમી રહેઠાણનુ સરનામુ તથા પોતાના મોબાઈલ નંબરની વિગતો સંબંધીત કોર્ટ અને સબંધીત પોલીસ સ્ટેશન સમક્ષ આધારભુત પુરાવા સાથે રજુ કરવાનુ રહેશે.

૬. આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો જામીન ઉપર મુકત થયા બાદ દિન ૭ માં સંબંધીત કોર્ટમાં પાસપોર્ટ જમા કરાવવાનો રહેશે અને જો પાસપોર્ટ ન ધરાવતા હોય તો તે અંગેનુ સોગંદરનામુ દિન ૭ માં રજુ કરવાનુ રહેશે.

૭. આરોપીએ સંબંધીત કોર્ટમાં જામીન રજુ કરવા.

૮. આરોપી ધ્વારા ઉપર જણાવેલ શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થયેથી આરોપી ના જામીન આપોઆપ રદ થયેલા ગણાશે.

ચુકાદો આજ રોજ તા. ૧૫મી માહે નવેમ્બર સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :૧૫/૧૧/૨૦૨૨
મુકામઃ– ધ્રાંગધ્રા.

( ગિરીશકુમાર દેવરાજ પાસી )
યુ.આઈ.સી જીજે ૦૦૫૦૭
ત્રીજા એડીશનલ સેશન્સ જજ,
ધ્રાંગધ્રા.